**<u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા "રાષ્ટ્રીય પોષણ અભિયાન"ની ઉજવણી</u>**

**તા. ૧૭.૦૯.૨૦૨૦**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા **<u>રાષ્ટ્રીય પોષણ અભિયાન અંતર્ગત "પોષણયુક્ત આહાર અને ન્યુટ્રીશનલ ગાર્ડન અંગે તાલીમ કાર્યક્રમ</u>** **<u>સંકલિત બાલ વિકાસ યોજના, દાહોદના સહયોગથી</u>** તારીખ ૧૭.૦૯.૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના પ્રેરણા ગીત વગાડી શરૂઆત કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરીષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. એ. સી. વૈદ્ય દ્વારા પોષણ યુક્ત થાળી (**NUTRI THALI**) અંગે માર્ગદર્શન આપેલ જ્યારે ડો. એમ. એમ. ત્રીવેદી, આચર્ય, એગ્રી. ઇજનેરી પોલીટેકનિક, આકૃયુ, દાહોદ દ્વારા પ્રસોગીક ઉદબોધન કર્યું હતું. ડો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા ન્યુટ્રીશનલ ગાર્ડન વિષે, ડો. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ પાલન)એ આહારમાં દૂધ અને ઇંડાનું મહત્વ વિષે, શ્રી એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ કઠોળમાં રહેલ પોષક તત્વો અંગે સમજ આપી હતી. આ કાર્યક્રમાં દાહોદ જીલ્લાની ૯૭ આંગણવાડી કાર્યકરો અને ૪૯ મહિલા ખેડૂત બહેનો એમ કુલ મળીને ૧૪૬ બહેનોને ૧૫ જેટલા શાકભાજીના બિયારણ, સરગવાના છોડ અને વેજીટેબલ સીડલિંગ આપવામાં આવેલ. આ કાર્યક્રમનુ સફળ સંચાલન શ્રી. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) કરેલ.


पोषण अभियान-2020
महिला कृषक प्रशिक्षण


श्री नरेन्द्र मोदी
पोषण अभियान-2020
एवं
महिला कृषक प्रशिक्षण
17 09 2020


पोषण अभियान-2020
महिला कृषक प्रशिक्षण
17 09 2020






કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી,
દાહોદ
આપનું હાર્દિક સ્વાગત કરે છે
17 09 2020